આર્ય નૈતિક નાટક સમાજ.

વસુંધરા

અથવા

બેધારીતલવાર.

નાટક—ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

નકુભાઈ કાલુભાઈ શાહ.

શ્રી આર્ય નૈતિક નાટક સમાજના માલેક.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું પ્રિન્સેસ થીએટર—સુરત.

સુરત ભાગાતળાવ રોડ પર આવેલા
ધી 'રાંદેર' પ્રિન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપ્યા.

કીંમત ૨ આના.

॥ ॐ શ્રી ॥

શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

વસુંધરા

અથવા

બેધારી તલવાર.

નામક નાટકનો ટુંકસાર અથવા ગાયનો.

પ્રયોજક—રા. ઠક્કુર નારાયણ વિસનજી. મુંબઇ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

નકુભાઈ કાળુભાઈ શાહ

શ્રી આર્ય નૈતિક નાટક સમાજના માલેક.

સુરત ભાગાતળાવ રોડ પર આવેલા ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં
રતિલાલ દુર્લભદાસે છાપી.

આવૃતી ૧ લી   પ્રત ૫૦૦૦

કીમત રૂા૦ ૦-૨-૦ (બે આના.)

મુખ્ય પાત્રોનાં નામ.

પુરૂષ પાત્રો.

શેક્સ્પીયરના નામો.	આ નાટકમાં આપેલાં નામો.
ડંકન ...	... **અગ્નિમિત્ર**—ધર્મભુવનનો સ્વતંત્ર ભૂપાળ.
માલ્કમ.	... **વિરકાંત** } -અગ્નિમિત્રના રાજકુમારો.
ડોનાલ્ડબેન	... **સમરેશ્વર** } -અગ્નિમિત્રના રાજકુમારો.
મૅકબેથ...	... **મીનકેતુ**—કર્મભુવનનો જહાગિરદાર અને રાજા અગ્નિમિત્રનો પ્રધાન સેનાપતિ.
બેંકો ...	... **વસંતસિંહ**—રાજા અગ્નિમિત્રનો દ્વિતીય સેનાપતિ.
હ્યુબર્ટ [કીંગ જૉનમાંથી]	**યાકુબ**—મીનકેતુનો એક પાપી મદદગાર પણ પછીથી ધર્માત્મા અને વફાદાર થયેલો મુસલમાન અફસર.

નવાં વધારેલાં પુરૂષ પાત્રો.

ધર્મપાળ—શર્મભુવનનો રાજા, વિરકાંત તથા સમરેશ્વરનો મામો.

વિરોચન—વસંતસિંહનો પુત્ર.

શારદાનંદ—એક સુધરેલા વિચારનો પ્રોફેસ બેરીસ્ટર, પછીથી ધનાઢ્ય બુઢ્ઢી સુનંદાનો સ્વામી.

પરમાનંદ—શારદાનંદનો પિત્રાઇ ભાઇ, પછીથી વિધવા વિલાસુનો સેકંડહેંડ પતિ.

એ ઉપરાંત સૈનિકો, સભાસદો, સરદારો, ઉઘરાણીવાળા, નોકર, વૈદ્ય વ૦

સ્ત્રી પાત્રો.

લેડી મેકબેથ ... **વસુંધરા**—મીનકેતુની માયાગુણમંડિત ભમાવનારી પત્નિ.

નવાં વધારેલાં સ્ત્રી પાત્રો.

મિનાક્ષી-મિનકેતુ અને વસુંધરાની પુત્રી, પછીથી વિરકાંતની પટ્ટરાણી.

કૌમુદી—વસંતસિંહની કર્મનિષ્ટ પત્નિ.

સુનંદા—ઓગણપચાસ વર્ષના વયની એક ધનાઢ્ય કુમારીકા અને પછીથી બેરીસ્ટર શારદાનંદની ધર્મપત્નિ.

વિલસુ—સત્તર વર્ષની વિધવા ને સુનદાની ભાણેજ, અને પછીથી પરમાનંદની સેકંડહેંડ વાઈફ.

એ ઉપરાંત ગાનારીઓ, મીનાક્ષી તથા કૌમુદીની સખીઓ દાસી ઇ૦

સ્થળ—ધર્મભુવન, કર્મભુવન, શર્મભુવન અને તેની આસપાસનો પ્રદેશ.

વસુંધરા

અથવા

બેધારી તલવાર.

નામક નાટકનો પ્રવેશાનુક્રમથી સંક્ષિપ્ત સાર.

મંગળાચરણ પ્રભુ પ્રાર્થના.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો—સેનાપતિ મીનકેતુની ભવ્ય છાવણી— સૈનિકોના આનંદોદ્દગાર અને વિજયના ઉત્સાહને દર્શાવનારાં વારાંગનાઓનાં નૃત્યગાન દ્વિતીય સેનાપતિ વસંતસિંહ આવીને સેનાપતિ મીનકેતુના પરિવાર સહિત પધારવાની ખબર આપે છે. વિજેતા મીનકેતુનું પોતાની પત્નિ વસુંધરા અને પુત્રી મીનાક્ષી સહિત આગમન અને તેને સૈનિકો તરફથી યોગ્ય સત્કાર વિજય સમારંભમાં ભાગ લેવા માટે મીનકેતુનું બાંધિવાન કરી લાવેલા બળવાખોર ખંડિયા રાજા જયધ્વજને બોલાવવું. સંભાષણમાંથી વિવાદ અને મીનકેતુની ગર્વોક્તિ સાંભળી જયધ્વજે મીનકેતુને રાજા અગ્નિમિત્રના એક ગુલામ તરીકે સંબોધવો. મીનકેતુનો કોપ [મહત્ત્વાકાંક્ષાનું બીજારોપણ]

અને તે કોપમાં જયધ્વજના પ્રાણનું બલિદાન-અર્થાત્ તેનું મીનકેતુના હાથે મરણ !

પ્રવેશ ૨ જો-છાવણીમાં મીનકેતુનો તંબુ-જયધ્વજની છાતીમાં ખુંચી રહેલા 'ગુલામ' શબ્દનું સ્મરણ કરતો મીનકેતુ ભ્રમિષ્ટ અવસ્થામાં, તેના વિલક્ષણ ઉદ્દગાર તેની માયાની સાક્ષાત પ્રતિમારૂપ પત્નિ વસુંધરા આવી જ્વાળામાં ઘૃત હોમતું આત્માને માયાનો સ્પર્શ મીનકેતુના હૃદયમાં રાજ્ય પ્રત્તિરૂપ મહત્વાકાંક્ષાનું દ્રઢીકરણ અને અંતે પોતાના મદદગાર મુસલમાન સરદાર યાકુબને બોલાવી તેની સહાયતાથી અનુકુળ સમય આવતાં પોતના અન્નદાતા અને પ્રજા વત્સલ રાજા અગ્નિમિત્રનો વધ કરી પોતેજ મુકુટધારી મહારાજા થવાનો નિશ્ચય.

પ્રવેશ ૩ જો-ધર્મભુવનમાં રાજા અગ્નિમિત્રની રાજ સભા—વિજેતા સેનાપતિ મીનકેતુ તથા દ્વિતીય સેનાપતિ વસંતસિંહનો ઉદ્ધારાત્મા મહારાજા અગ્નિમિત્રના હસ્તે થએલો સત્કાર અને ભેટ સોગાદ આદિનો વિધિ, મહારાજાનો, કુમાર વિરકાંતને પોતાના રાજ્યના ઉત્તરાધિકારી યુવરાજ તરીકે નીમવાનો અભિપ્રાય.

પ્રવેશ ૪ થો—વિરકાંતને યુવરાજ થયેલો જોઈ મીનકેતુના હૃદયમાં પ્રગટેલી દ્વેષજ્વાળા અને તેમાં પિતા પુત્ર ઉભયને હોમી દેવા મારેની તેની પ્રતિજ્ઞા.

પ્રવેશ ૫ મો-બેરીસ્ટર શારદાનંદનું ઘર-આજ કાલ વધી પડેલા અને દિવસે દિવસે વધતા જતાં વિલાયતમાં ડિનર બેરિસ્ટર થઇ અહીં બ્રીફલેસ બેરિસ્ટર બની કોરટની કુરશીઓ તથા સમાજને ભારરૂપ થતા બેરિસ્ટરોમાંના એક બેરિસ્ટર મિસ્ટર શારદાનંદના

આજ કાલના કેટલાક બેરસ્ટરોની હાલત વિષે ઉદ્‌ગાર અને તેને ત્યાં માગનારાઓની ધમાલ એટલામાં ન્યુસપેપરમાં એક ઓગણપચાસ વર્ષની પૈસાદાર કુમારિકા એક સત્તર વરસની સાધારણ પૈસાદાર વિધવાની એક બેરિસ્ટર જોડે લગ્ન કે પુર્નલગ્ન કરવા વિષેની જાહેર ખબર વાંચતા નિરાશાના આકાશમાં આશાનો મંદ આભાસ, તેના પિત્રાઇ પરમાનંદનું આવી લાગવું, બન્નેની એ વિષે કેટલીક રમુજી પણ કટાક્ષમય વાતચીત અને અંતે એ લગ્ન પુર્નલગ્ન કરી પારકે પૈસે પરમાનંદ કરવાના વિચારો.

પ્રવેશ ૬ ઠો— કર્મભુવનમાં મીનકેતુનું ઉધાન—મીનકેતુની સ્નેહ મૂર્તિ પુત્રી મીનાક્ષી પોતાના ભાવી પતિ યુવરાજ વિરકાંતના પ્રેમ સ્મરણમાં નિમગ્ન છે એટલામાં તેની વિનોદી સખીઓ આવી લાગે છે; કેટલીક શંગારમય વિનોદ વાર્તા, અને સખીઓની નિર્દોષ ચેષ્ટામયી વાણી. પોતાના પિતા રાજા અગ્નિમિત્ર સાથે આવેલા યુવરાજ વીરકાંતનું ત્યાં આગમન પ્રેમીજનોનો પ્રેમકલહ, શૃંગાર વિનોદ અને કેટલાક સ્નેહ સંભાષણ પછી વિયોગ.

પ્રવેશ ૭મો— ધનાઢ્ય વૃદ્ધ કુમારીકા સુનંદાનો બંગલો—ધનાઢ્ય વૃદ્ધ કુમારિકા સુનંદા અને તરૂણ વિધવા વિલસુ ઉર્ફે સત્યવાતની પરણીને પતિના સમાગમથી ભાવિ સુખને મેળવવાની આનંદમય કલ્પનાઓ, અને કેટલાક હાસ્યોત્પાદક વિચારો બેરીસ્ટર શારદાનંદ અને તેના પિત્રાઇ પરમાનંદનું આવી લાગવું શારદાનંદની પરણવા માટે ઉમેદવારી અને વૃદ્ધ કુમારિકા સુનંદા બે અઢી લાખની દોલતવાળી હોવાથી પચાસ હજારની મીલકતવાળી વિલસુને છોડી મા જેવી મુદ્દી

સાથે લગ્નનું સાટું નકકી-વરણીનું જાહેર લીલામથી વેચાણ વિલસુનો બેરીસ્ટર તરફ તિરસ્કાર અને ચાલાક પરમાનંદની ખટપટનું બીજારોપણ.

પ્રવેશ ૮મો—મીનકેતુના મહાલયનો એક ભાગ—મીનકેતુ તથા વસુંધરાના રાજા અગ્નિમિત્રને મારી નાખવા માટેના રચેલા તાગડા અને તેની બધી તૈયારી વીષેની છુપી વાતચીત આવી લાગેલી મીનાક્ષીનું તે બધું સંભાષણ છુપાઇને સાંભળી લેવું. અને તેણે વસંતસિંહને તે વીષે આપેલી માર્મીક ચેતવણી, છેવટે ગમે તે ઉપાયે રાજાના પ્રાણ બચાવવાને શુરી બાળાનો નિશ્ચય.

પ્રવેશ ૯મો—મીનકેતુના મહાલયમાંનું શયનમંદિર—મીનકેતુ અને યાકુબનું લાગ જોઇ રાજાને મારવાના વીચારથી છુપાઇ જવુ. પછીથી પોતાના બે કુમાર વીરકાંત તથા સમરેશ્વર તેમજ વસંતસિંહ સહિત મહારજા અગ્નિમિત્રનું શયનમંદિરમાં આગમન વસુંધરાએ બતાવેલો હદથી વધારે વિવેક અને રાજાનો અતિશય સંતોષ રાજકુમારો તથા વસતસિંહને બીજા ઓરડામાં સુવા મોકલી મહારાજાને ત્યાં સુવાનું કરી મીનાક્ષી સહિત વસુંધરાનું જવું, સર્વત્ર શાંતી થવા પછી મીનકેતુ તથા યાકુબનું અગાસીમાંથી નીચે ઉતરવું, રાજાને મારવા જતાં મુળ ધાર્મિક વૃતિના મીનકેતુના કોમળ હૃદયનું આંદોલન આત્માના નૈસર્ગીક ગુણનો કિંચિત પ્રકાશ પરંતુ માયા વસુંધરાના આગમન તથા વચન પ્રહારથી તેની પાપમાં પ્રવૃતી અને રાજાનો વધ. રાજાની બુમ સાંભળી યુવરાજ વિરકાંતનું દોડી આવવું, પિતાના ગળામાંના ખંજરપર હાથ મૂકતાં મીનકેતુ તથા વસુંધરાએ તેનેજ

રાજ્ય લોભ માટે, પિતાના ખુની તરીકે જાહેર કરવો, વસંતસિંહ અને મીનાક્ષી આદિનું આવવું, આશ્ચર્ય પ્રદર્શન.

ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—કર્મભુવનમાં સભાસદન--કેટલાક વફાદાર સરદારો આ સંસારની ક્ષણભંગુરતા અને દેવતુલ્ય મહારાજા અગ્નીમિત્રના અકાલ મરણ વિષે શોક પ્રદર્શીત કરતા બેઠા છે. યુવરાજ વિરકાંત પિતૃઘાતક સિદ્ધ થવાથી મીનકેતુ જયાં સુધી ન્હાનો કુમાર સમરેશ્વર વયમાં ન આવે ત્યાં સુધી રાજ્યશટક ચલાવવા માટેનો અધિકારી નીમાઇ ચુકયો છે. મીનકેતુ તથા વસંતસિંહનુ આગમન અને સરદારોનું જવું. વસંતસિંહ મીનાક્ષીની આગળ મળેલી માર્મિક સુચનાથી સંકાશિલ થએલો હોવાથી તેના તેરા કેટલાક કટાક્ષમય ઉદ્ગારો અને મીનકેતુના હૃદયમાં ભયનો સ્પર્શ. ભયભીત મીનકેતુને વસુંધરાનું આશ્વાસન અને રાજધાનીમાં જવા પછી કારાગ્રહમાંના છુપા ધનભંડારને મેળવવાનું સુચન-છેવટે વિરકાંત સમરેશ્વર અને વસંતસિંહ સઘને સંહારવાનો વિચાર મીનકેતુના માથાના પ્રભાવ વિષે કેટલાક તાત્વિક ઉદ્ગાર.

પ્રવેશ ૨જો—ધર્મભુવનમાં બંધિવાસ—લોહશૃંખલાથી જકડાયેલો બંધીવાન વિરકાંત પોતાની અવદશાના અને દશાના પલટાતા રંગોના વિચારમાં નિમગ્ન છે, એટલામાં મીનકેતુનું યાકુબને સાથે લઇને આવવું અને વિરકાંતપર કારાગ્રહમાંનો ગુપ્ત ધનભંડાર બતાવવાનું દબાણ, વિરકાંત અને મીનકેતુ વચ્ચે સંસારની ક્ષણભંગુરતા અને અવિચળતાવિષે તાત્વિક સંવાદ વિવાદ વિરકાંતે પોતાને ધનભંડાર વિષે અજ્ઞાન જણાવ્યાથી મીનકેતુનો કોપ અને તેને મારવાની તૈયારી પણ યાકુબના સમજાવ્યાથી તરતને માટે પાછા ફરવું. તેમના જવા પછી એક છુપા ભોંયરાની વાટે મીનાક્ષી અને વસંતાસિંહનું આવવું અને વિરકાંતનો છુટકો.

પ્રવેશ ૩જો—સુનંદાનો બંગલો—યૌવન મસ્તીમાં તરૂણ વિધવા વિલસુનું આવવું. તેનો બીજી જાહેર ખબર છપાવા પુનર્લગ્ન કરવા માટેનો વિચાર, એનાપર મીઠી નજર રાખતા બૅ. શારદાનંદે દુત તરીકે વિલસુને પોતાનાપક્ષમાં લાવવા માટે ઉમેદવારી અને કેટલીક આનાકાની; પછી સત્તર વરસની વીલસુએ કરેલો બાર વરસના પરમાનંદનો સ્વિકાર અને મદિરાના વિહાર. બેરીસ્ટરે આવીને બતાવેલો કોપ, વિલસુનો તિરસ્કાર અને પરમાનંદનો જંગબારી ડંડો "કુંવારાને સગપણ કરવા મોકલો તો પહેલાં તો પોતાનુંજ કરી આવે." એ લોકોક્તિની અક્ષરે અક્ષર સત્યતાનો પ્રત્યક્ષ પરિચય.

પ્રવેશ ૪થો—વસંતસિંહનો નિવાસાલય—કૌમુદીનો પતિ પ્રેમ અને વસંતસિંહનો તેને ધન્યવાદ આદર્શ પતિ પત્નિનું સંસારમાં સ્વર્ગ, અચાનક મીનાક્ષીનું આગમન અને મીનકેતુનો, વિરકાંત

વસંતસિંહની સ્હાયતાથી છટકવાના સમાચાર મલવાથી, તેનો પરિવાર સહીત સંહાર કરવાનો થએલો નિશ્ચય જાણવામાં આવેલો હોવાથી મીનાક્ષીની વસંતને નાસવા માટેની સુચના, વસંતની આના કાની, પણ પછીથી મીનાક્ષીના આત્યાગ્રહથી જવાની તૈયારી એટલામાં મીનકેતુને વસુંધરા અને યાકુબ સાથે આવી લાગવું, વસંતના પુત્ર વિરોચનનો તેના શસ્ત્રથી સંહાર અને વસંતસિંહ બંધીવાન.

પ્રવેશ ૫મો—વૃદ્ધ સુનંદાનો બંગલો—ખટપટિયા પરમાનંદની પૈસાદાર વૃદ્ધ પણ પોતાને તરૂણ માનનારી સુનંદાને તેના બેરિસ્ટર પતી વીરૂધ્ધ ભંભેરવાની રામબાણ યુકિત અને યુકિતમાં તેનો વિજય એટલામાં બેરીસ્ટર શારદાનંદ અને વિલસુનું આનાકાની કરતાં આવી લાગવું શારદાનંદની વિલસુ પાસેથી પ્રેમ યાચના વિલસુનો સખત તીરસ્કાર અને એ બનાવને જોઇ સુનંદાના કોપનો પ્રજળીત થએલો અંગાર, બુઢ્ઢી બાયડી અને જવાન ધણી વચ્ચે મારામારી અને છેવટે પ્રેમલગ્નથી જોડાયલા જોડાના છુટા છેડા, સુધરેલાઓના આવા બનાવો જોઇ પરમાનંદ અને તેની પત્ની વિલસુએ કરેલી સુધરેલા આચાર વીચાર અથવા બીજા શબ્દમાં કહીએ તો ભ્રષ્ટાચારને ત્યાગવાની અનુકરણીય દ્રઢ પ્રતિજ્ઞા.

પ્રવેશ ૬ ઠો—ભયંકર કારાગ્રહ—ભયંકર યંત્રણા આપીને પ્રાણ લેનારા યંત્રોથી ભરેલા ભયંકર કારાગ્રહમાં વસંતસિંહ અને રાજા અગ્નમિત્રના દ્વિતીય રાજકુમાર સમરેશ્વરને બંધનમાં રાખેલા હોવાથી અને તેમના મરણનો આજનો દીવસ ઠરેલો હોવાથી તેમને બચાવવા માટે ગુપ્ત માર્ગમાંથી કૌમુદી સહીત મીનાક્ષીના કારાગ્રહમાં

પ્રવેશ અને માનવ હૃદયની ક્રૂરતા વિષે તેમના કેટલાક ઉદ્ગાર, થોડી વાર પછી યાકુબનું બે જલ્લાદો સાથે આવવું, મીનાક્ષી અને કૌમુદીનું છુપાઇ જવું, યંત્રો વ્યવસ્થિત છે કે નહી તે જોવા માટે યાકુબની આજ્ઞાથી યંત્રોથી અપાતું બે ચાર નીર્દોષ માનવ પ્રાણીઓનું બલિદાન તે પછી યાકુબની રાજકુમાર સમરેશ્વરને મારવાની તૈયારી, પણ સમરેશ્વર અને વસંતસિંહના દયાજનક અને કરૂણોત્પાદક ભાષણથી પિગળી મારનારનું બચાવનાર થવું, શયતાનનું ફરિસ્તાના રૂપમાં ફેરવાઇ જવું, મીનાક્ષી અને કૌમુદીનો તેને ધન્યવાદ, સર્વ નાસવા તૈયાર છે, એટલામાં વસુંધરા સહીત મીનકેતુનું આવી લાગવું ગુપ્ત મારગમાં છુપાયલા સમરેશ્વર અને વસંતસિંહને ન જોવાથી તેમના વિષે પૃચ્છા, યાકુબના બેપરવાઇ ભરેલા જવાબો અને મીનકેતુની તેને મારી નાંખવા માટે જલ્લાદોને આજ્ઞા. તેના જવા પછી જલ્લાદો યાકુબને મારવા માટે તૈયાર, પણ મીનાક્ષી તથા કૌમુદીના તમંચાથી તેમનો સંહાર અને ધર્મરક્ષક બનેલા યાકુબનો સંકટમાંથી ઉધ્ધાર.

ટેબ્લો

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો-શર્મભુવનમાં રાજા ધર્મપાળનો મહાલય- પોતાના મામા રાજા ધર્મપાળને ત્યાં આવેલા યુવરાજના શોકને

ભુલાવવા માટે વારાંગનાઓનું નૃત્યગાન, પરંતુ તેથી શોકમાં ઘટાડો થવાને બદલે વધારો, વારાગનાઓને જવાની આજ્ઞા આપવા પછી વિરકાંતના કળિયુગના વીલક્ષણ પ્રભાવ વીષે કેટલાક તત્ત્વપૂર્ણ ઉદ્‌ગારો ધર્મપાળનું આવી તેને આશ્વાસન આપવું કારાગ્રહમાંથી નાઠેલા સમરેશ્વર, વસંતસિંહ, યાકુબ, મીનાક્ષી, કૌમુદીનું આવી લાગવું. આનંદ. મીનકેતુ તથા વસુંધરાએ ધર્મભુવન રાજ્યમાં વર્તાવેલા ત્રાસદાયક અત્યાચારોના સમાચર સાંભળી વિરકાંત અને ધર્મપાળનો કોપ અને મીનકેતુ સાથે યુદ્ધ કરવા માટે બે દીવસમાં નીકળવાનો નિશ્ચય અન્ય સર્વે જનોના જવા પછી લાંબા વખત પછી મળેલાં પ્રેમીજનો-મીનાક્ષી અને વિરકાંત—નો પરસ્પર પ્રેમસંવાદ અને હર્ષ.

પ્રવેશ ૨ જો—ધર્મભુવનમાં મીનકેતુનું શીયન સદન—એક તરફથી, બે રાજકુમારો અને વસંતસિંહને મારવા માટેના પોતના સર્વ મનોરથો નિષ્ફળ થવાથી અને પોતાની પુત્રી મીનક્ષી પણ તજીને ચાલી જવાથી પાપનો ભાર અને મનસ્તાપ અસહ્ય થતાં ઉન્માદ તથા નિંદ્રામાં જાગૃત મનુષ્ય પ્રમાણે ચાલવાના રોગથી પીડાતી પોતાના પાપાત્મા પત્નિ વસુધરા વિષેની ચિંતામાં પડેલા મીનકેતુની વિરકાંત તરફથી યુદ્ધનું આવાહન આવતાં, અતિશય દુઃખજનક મન સ્થિતિ થઇ જાય છે. તેના નિરાશાજનક ઉદ્‌ગા અને છેવટે રોગગ્રસ્ત વસુ-ધરાને વૈદ્ય તથા દાસીની સંભાળમાં સોંપી રણભુમિમાં પ્રયાણ નિંદ્રામાં ચાલતી વસુંધરાનું આગમન, અને જાણે કૌમુદી પોતાના પુત્રના વધનો કીનો લેવા મીનકેતુને સંહારવા આવી છે, એવો મિથ્યા-ભાસ થતાં જાણે પોતે કૌમુદીને મારે છે એમ ધારી પોતાના શસ્ત્રજથી

પોતાના હાથે ભ્રમમાં પડેલી વસુંધરાનો પશ્ચાતાપ રહિત અને આનંદ-સહિત પ્રાણત્યાગ ! પશ્ચાતાપ, શબ્દ વસુંધરાના શબ્દકોશમાં હતોજ.

પ્રવેશ ૩ જો—'સુધારક શંખનાદ' પત્રની ઑફીસ—માલદાર બુઠ્ઠી સુનંદાએ નાળીયેર આપવાથી ચાળીસ રૂપીઆ પગારના 'સુધારક શંખનાદ' ના એડીટર બનેલા બેરિસ્ટર શારદાનંદનો એડીટરના નવા અવતારમાં દેખાવ, અને એ ગોળાના ચરૂ ,, લેબાગુ એડીટરાચાર્યનો નમુનો. અચાનક પરમાનંદ અને વિલસુનું આવવું આગળના અણુબનાવનું સમાધન અને પરમાનંદનું શારદાનંદને પુનઃ એક પૈસાવાળી બૈરી સાથે પરણાવી આપવાનું વચન આપીને વિલસુ સાથે વિદાય થવું. બેરિસ્ટરનો આનંદ.

પ્રવેશ ૪ થો—યુદ્ધભુમિ--તુમુલ યુદ્ધ અને વસુંધરાના ઉપદેશથી માયાના સ્પર્શથી-વિકૃત બનેલા મીનકેતુ-માયાના ઉપાસકનો વસંતસિંહના હસ્તે રણભુમિમાં અંત ! આત્મા આત્મ પતન !

પ્રવેશ ૫ મો--સુનંદાએ ગામડામાંનો રાખેલો બંગલો-બુઠ્ઠી સુનંદાને પ્રેમનો ચડેલો હડકવા અને તેની બીજીવાર પરણવાની આતુરતા, પરમાનંદની તેના મતને પુષ્ટિ અને તત્કાળ એક એડીટર વર મેળવી આપવાની તૈયારી અંદરખાનેથી શારદાનંદ અને બુઠ્ઠીને બીજીવાર પરણાવી દેવાની યોજના અને તેથી બન્નેને એમ ભમાવવાં કે વર અને કન્યા બન્ને લગ્ન થવા પહેલાં પોતાનું મુખ બતાવવાને રાજી નથી ધામધુમ સાથે બેરિસ્ટર અને બુઠ્ઠી સુનંદાનું ડબલ મેરેજ ભેદ ખુલતાં બન્નેનો પરમાનંદપર કોપ, પરમાનંદનો અને વિલસુનો ... પગના રીસીવર પેઠે ઘડી ઘડી ધણી અને ધણીયાણીના બદલવા

વિધિનો" ઉપદેશ અને છુપો છેડો. ઉરફ તિરસ્કાર શારદાનંદ અને ગુણવંતાની બુદ્ધિમાં ફેરફાર. સુધારાનો ત્યાગ અને જુની ચાલનો સ્વિકાર પ્રહસનની પુર્ણાહુતિ.

પ્રવેશ છઠો– સુંદર સભાસદન—વસંત તથા કામદાના તરફ બન્ને યુવરાજ વિક્રાંતનો રાજ્યાભિષેક અને મીનાક્ષી સાથે પવિત્ર લગ્ન સંબંધ. યોગ્ય પુરૂષોને યોગ્ય ઉપહાર અને સર્વત્ર પ્રસાર. વસુંધરા એટલે વસુને ધારણ કરનારી માયા. જેને તેનો ત્યાગ કરવામાં આવે, તો સત્ય સુખને –મુક્તિને– પ્રાપ્ત કરાવે છે અને જો તેનો પ્રેમથી અંગીકાર કરવામાં આવે, તો આત્મ વિનાશિની થાય છે એવી એ " **બેધારી તલવાર** " છે એ તત્ત્વ સાથે નાટકની સમાપ્તિ.

પ્રારબ્ધ પ્રકાશ.

અથવા ' પંચતત્ત્વ ' પુસ્તક ભેટ તેમજ કોઇ પણ બાબતનો ખુલાસો મેળવવો હોય તો, જવાબને માટે ટીકીટ બીડીનેજ ખુશીથી નીચેને શિરનામે લખી પૂછાવવું.

૧. આંતકશક્તિનો છુપો ભેદ શું ? મનનો ગુહ્ય પ્રશ્ન પૂછીને જાણો.

આ સંસાર અનેક પ્રકારના રંગબેરંગી ચમત્કારોથી ભરેલો છે. તેમાં માણસોને માથે અણધાર્યાં પ્રારબ્ધને અનુસારે અનેક જાતના સુખ દુઃખવાળા પ્રસંગો આવી પડે છે, તે પ્રસંગોમાં સીધો-સરલ માર્ગ બતાવવા માટે અમે એક નવી શોધ કીધી છે. જ્યોતિષને લગતા બાર ભાવનો સમાસ એમાંજ થઇ જાય છે. આ બાર ભાવમાંથી, કોઇ પણ એક ભાવનો પ્રશ્ન, જેમકે દેહ, દ્રવ્ય, આજીવિકા, માતા, પિતા, સ્ત્રી, પરિવાર, લાભ, હાની ભાગ્ય, સુખ-દુખ વિગેરે અનેક વિષયોમાંથી એકજ પ્રશ્ન ધારનાર પાસેથી એક ફળ સાથે રૂપિયો સવા લઇને મનમાં ધારેલો છુપો પ્રશ્ન કહેવામાં આવે છે. પ્રશ્નનો ખુલાસો જાણનાર પાસે એજ મુજબ જૂદો ચાર્જ લેવામાં આવે છે. બહારગામવાળાએ પોતાનું નામ ઠામ સરનામું તથા પ્રશ્ન પૂછતી વખતનો સ્ટાન્ડર્ડ ટાઇમ બરોબર લખવો. ધારેલા પ્રશ્નનો જવાબ લખી મોકલવાના પોષ્ટેજ માટે બા= વધુ, છુપો પ્રશ્ન અને તેનો ખુલાસો એ બન્ને જાણવાની ઇચ્છા રાખનાર પાસેથી પોસ્ટેજ સાથે રૂ. ૩)= ચાર્જ લેવામાં આવશે.

માસ્તર એમ. કે. ઓઝા-એસ્ટ્રોલૉજર.

ઠે. શાહપોરની લુહારપોળ—**સુરત.**

ॐ શ્રી હાર !

પ્રારંભ પ્રાર્થના

મંગળાચરણ.

તું પ્રકાશ તું વિકાશ દાતાભવ સુખનો વિભુ;
અમશીર વિજયનો સુકર ધર સંકટ હર અઘ દુરકર તું.
તું સહુનો કૃપાનીધાન, તારૂં ગાન તારૂં ધ્યાન,
ત્રિભુવનના ઉપવનની, ધરતીનો માળી,
તું દાતા, તું ત્રાતા, શુભકારી, ભયહારી.
કરૂણા છે તારી...........જાઉં વારી—તું.

વારાંગનાઓ— ૧

મોરી ગાગર ગીરધર નટવર ફોર ગયોરે,
યમુનાં તીર ભરતા નીર, જાત પકડલીન હાથ,
મોરી લુંટી લાજ બીચ ડગર રોકે મર્મ કાડો—મોરી.

બાર બાર બીનની કરત હારી સખી કહા કરૂં,
કાહુકા ન માને કરે અપને મનકી,
દેખો સખી નિપટ નિડર, અયસો હુયે નંદકો કન્હાઇ મોરી

વારાંગનાઓ— ૨

અર્ગવાની શુરાબ કીયે જામ,
આજ ભરભર પિલાવો રિઝાવો, આવો સખીયાં અર્ગ.
હુયે રંગપાની લાયે નઇ જવાની,
હીલ મીલ સબ ગાવો રંગ રાગકો સુનાલો;
ગત મનહર તાલ સાથ, આવો નાચો ગાવો—અર્ગ.
મયફીલે દરબારમેં હુયે, રોશની નયે તાજકી,
કાયમ રહો મહેતાબ તક, ખુશ રંગ રાગો મ્હારકી,
પ્યાલા નહો શીશા નહો, બસ દોર હો શરાબકી,
બહેતી રહો હર સાંસમેં, મસ્તે શરાબે જામકી,
હુયે રંગપાની લાયો નઈ જવાની,
પિયો પિલાલો સબ ખુશીયાં મનાવો,
સરગમ ચતરંગકે સાથ, મધુર મધુર ગાવો—અર્ગ.

દરબારીઓ.— ૩

વિજયનાદ સુણી વિશાળ, કંપે સહુ વૈરી વ્યાલ,
જન હિતકર ભૂમિપાલ..........................વિજય.
વિક્રમ સકળ થાય સજન, ગાયે ગુણ ગાન સુજન.
ન્યાય નિતી ધર્મ કર્મ, અભય અહીં સર્વકાળ-વિજય.

મીનકેતુ— ૪

છળથી કળથી બળથી વળથી,
પળમાં ભૂમંડળ પલટાવું,
નૃપને ફટકે ઝટકે કટકે
કટકા કરી ઉડાવું
ગોળી મારૂં સનનન—
ભૂમિ ધ્રુજે ધનનન—
પકડું જકડું કપટે ઝપટે
રાજા હું બની જાઉં—છળથી.

શારદાનંદ— ૫

લૉ નો કીધો માથું ફોડીને પુરો અભ્યાસ
ને લંડનમાં ડીનર આપી કરી પરીક્ષા પાસ;
અગાઉન સાથે લીધી બેરીસ્ટરની ડીગ્રી ખાસ
બોયકોટ ન્યાતે કીધા પૈસાનું સત્યાનાશ,
ઓહ બિલ્કુલ નથી કમાણી, નહિ આવે કોડી કાણી,
ખીસાં ખાલી લૉયરના, પૉઝીશનપર ફરતું પાણી—ઓહ
યુરોપમાં જઈ આવ્યા તેથી ફેશનને ના છોડાય,
આ પૉઝીશન જાળવવા ચીજો ક્રેડીટપર લેવાય,
પણ જ્યારે ઇશ્માલિઆ કોરટમાં ડીક્રીઓ થાય,
ત્યારે ઉધારીયા બેરીસ્ટરનો ડબ્બો ગુલ થઇ જાય.

શારદાનંદ— ૬

લાવું એ લલના જઇ
યોવન બહાર વાળી વીહારી પ્યારી પ્યારી
કોમળ કળી, રસથી છલી એ રહી—લાવું.
હૃદયે હૃદય ધારી,
પ્રેટી ડૅાલી જૉલી ડૅાલી
ડીયર એ જરવાળી વારી જાઉં
મોહીનીને રીઝવું રસીક
પૅંઝીશનથી, બગલ મહીં લઇ—લાવું.

સખીયો— ૭

મૃગલોચની [૨]
મદેભરી છલકાતી
મૃગલોચની મદ ભરી છલકાતી
મુખે મૃદુ મૃદુ હસી મલકાતી
પળે પળે પિયુના પ્રેમે ભિંજાતી-(૩) રે-મદે
ઘડી નવ યોવનને નિહાળે
ઘડી શરમાઈ વસ્ત્ર સમારે
સખી જો એની ત્રાંસી આંખ મિચાતી-(૩) રે-મદે

મીનાક્ષી સખીયો— ૮

અલી સખી અબોલડા નવ લઇએ
માનુની ન માન મહીં મરડાઇએ—અલી.

પીઠ કરી પડદો રાખે પણ
નખરાં—કેમ છુપાવે (૩)
અંતરના ઉભરા તે એમજ
ઉડી આગળ આવે
નટ નૃત્ય કરે આ નેણે
અલી કહે તને મુંઝાવી કેણે
જાણ્યું જાણ્યું
જાણ્યું જાણ્યું કહે જાણી જણાવે
રહે અજાણ્યું ન કઇએ—અલી.

મીનાક્ષી-સખીયો— ૯

લ્યો થઇ લલિતા લલના લોલુપ લલાના
રતિદાનની, રતિપાનની, રતિગાનની
રતિમંદિરમાં રતિ તસ્કર રતિપતી સમ પ્રાણની—થૈ.
પજવો ના જાવો માની, થાવો સખીના તોફાની
ઠાલી લજવાતી શાની, ભરેલી રતિ આશાની
માંડી ખટપટ શી સખી આ
પ્રિતમને મળ જા, સખી જા—રતિપાનની.

મીનાક્ષી-સખીયો— ૧૦

ચાલ હવે ચાલ વ્હેલી વ્હેલી
લળી લળી લ્હકે શું જોતી વળી ઘેલી

તારા તનમાં લાગી છે તાલાવેલી
સાહેલી તારા તનમાં લાગી છે તાલાવેલી
રહી જાણે સોને સુંગધી મળેલી
અરરર પગમાં વાગ્યો કાંટો
ભુંડી કોઇ આવી બાંધો પાટો
જુઠી કયાં વાગ્યો છે કાંટો
આમાં બાંધવો કયાં પાટો
હવે ચાલ ધુતારી ચાલ
ચાલીએ છીએ

મીનાક્ષી-વિરકાંત— ૧૧

છેડો છોડો રસિલા છબિલા છોગાળા,
નહી બાળને આમ બનાવો;
પ્રેમવેલી નવેલી રિસાના રાતરંગ રાગમાં—છેડો,
રાગની રીત નથી એ મોહન, દુર નિરંતર વાસ,
યોવન પુષ્પ ખીલ્યું શા ખપનું, નહી લેનાર સુવાસ;
રસિકડી હાજર છે આ દાસ
મદન ઘેલી મદ છકેલી કેમ લજાય ભેટી લે રામ-છેડો

મીનાક્ષી-વિરકાંત— ૧૨

વ્હાલા વ્હેલેરા વળજો વીહારીરે મનહારી,
વ્હાલી નયનોનાં બાણુ મારી દીધાં હૃદયમાં ઉતારી ઓનારી

છેલા છબીલા છોગાળા છકેલા એ મારી કટારી એધારી
હેતી હુઇયામાં છલબલ રતિ વધારી
તન મન ધનથી નારી વારી,
વિજયમાળ, ધરી વીશાળ, લલીત લાલ આવજો
નકર ફીકર તન મન ધન અરપુ માન પ્યારી મારી આપજો..

સુનંદા, વિલસુ— ૧૩

રમા મૃગનયની મધુવચની, કામીની આ દમકતી,
વરજીને ફંદે ફસાવું,
વરજી આવે આ નારીના પાસમાં,
નહી ખામી રાખું કંઇ વિલાસમાં;
કેવી બુઢ્ઢી જાની બની આ દિવાની,
વરીને રસિક નરવર જરૂર રીઝાવશે..........રમ
ભાગ્યેજ પામે કોઇ આવી નાર પૈસાદાર
મોંઘી રૂપાળી નાર, જોબન માતી નખરેદાર
મીસ હું નવેલી તું સેકન્ડ હેન્ડ વિદા અજીહું ધાન
પરણીને પળમાં બતાવું, ઓ જો જો મીઆ-
વર હું કામણગારો લાવું..........રમા.

સુનંદા, આરહાનંદ— ૧૪

લેવા લ્હાવો દુનિયાનો વ્હેલાં વરીશું,
થવા મસ્ત હોટલમાં બોટલ ભરીશું

વિસ્કીનો લઇ ગ્લાસ ખાસ કરીશુ વિલાસ.
નામ સોસાઇટીમાં ચમકાવું થાઉં સુધારાનો લીડર ખાસ
થાશે સુધારકો આપણા દાસ...........લેવા.
મોટર ગાડીમાં ઠાઠ ફરીશું
લાંબા લેકચર સભામાં કરીશું
જાતી ભેદ ખેદ આગમાં ધરીશું
ડંકો વગડાવી સાથે મરીશુ
વદો ન વાણી આવી છેલાણી,
જીવી જગમાં હસાવી હસીશું...........લેવા લ્હાવો

વસુધરા— ૧૫

થાય વિરનાર ના શીકાર
તીવ્ર ગરલ વામ વચન વિકાર....વીર
વિકટ ભારી નર અસીના ખેલ
ભુતળ ચળ થાય ચાલે શોણીત ધારા
પણ નારી હરે છે પ્રાણ નયનોનો....વીર

અંક બીજો.

સરદારો— ૧૬

ચટપટ ચેત હેત કર હરી શું, મરણ ભમે છે માથે રામજી,
ધામ ધરા ધન સુત-ધણીયાણી, સેવક નાવે સાથે રામજી....ચટ
હોય લાખ તે રાખ બરાબર, તેમાં નહીં કાંઇ તારૂં રામજી
ધન સાંચ્યું પણ ધર્મ ન સાંચ્યો, કયાં જન્મારો હારૂં રામજી..ચટ
મોટપણાનુ માન ભરાયું, માટે કંઇ નવ સુજે રામજી
જમના કિંકર જોશો ત્યારે, થરથર કાયા ધ્રુજે રામજી....ચટ
કર સતસંગ અંગ હોય નિર્મળ, રંગ હૃદયમાં લાગે રામજી
કહે છોટમ ચીંતામણી પરખે, તો ભવનો ભય ભાગે રામજી..ચટ
(છોટમ)

વિલાસુ— ૧૭

હું રસવેલી મદઘેલી નારી તરસી પ્યારની,
નારી તરસી પ્યારની નારી તરસી પ્યારની....હું.
હું યુવતી કામણગારી, નર નયન બાણથી મારી
રમું રંગે રસને રેલી નારી, તરસી પ્યારની....હું.
કોઇ લાલ લ્હેરી જો આવે, રતી સુધા સરસ પીવડાવે;
તે તરૂવર ને હું વેલી, નાહી તરસી પ્યારની....હું.

વિલસુ પરમાનંદ— ૧૮,

પિયો પિયો, પાતળિયા પ્યારા, મધુર આ મદ્ય પ્યાલી
થાયે રંગી પીયે જો દીલગીર અજબ અકસીર,
મદભરી રંગી મદિરા સમીજ તું મારી મદિરાક્ષી નારી
ખીલેલી ચાંદનીમાં મદ્ય આ વીકાર કરે,
ગળામાં નાંખી હાથ દાર તે વીકાર હરે,
હસાવી રમાવી બસ....પીયો.

પરમાનંદ, શારદા, વિલસુ— ૧૯

ગેટ આઉટ પાજી કેમ મરતો ન લાજી,
રહે પાંસળી ન સાજી તારી ખેંચી નાંખું ખાસડાથી ખાલ
ગમે તારી મને સારી કોમળ લટક ચાલ,
બુદ્ધીને બનાવી બેરી કીધો ન ખ્યાલ,
માડીને રમાડી રંગે તાડીના હમાલ....ગેટ.
વ્હાલી વ્હુ લો રાજી શાને ખેલે તું કાજીનો ખેલ,
ચુપ વંઠેલ તાવી કાઢું તેલ,

છે બુટલેલ.

તું ચુડેલ,

કાન તાર કાપી કાનફટો હું બનાવું પીટયા
ચાળીશન બાર બોટલોનું પાયમાલ....ગેટ.

કૌમુદી— ૨૦

અવિચળ રતિ રેજો ચહે દાર આ,
દાસી ચરણે શરણે સ્નેહીનેરે ; પતિની....અવિચળ
શામળા સલુણા મારા હૃદય વિહારી,
નયન સુખદ મનહર છબિ સારી,
ભૂલી ભાન સ્વામિ સ્નેહથી મસ્તાન નારી નારી—
અતિ મન પતિ રતિ થકી અતિ મલકતું
સ્થળ સ્થળ પળ પળ અવીકળ મંગળ
પતી નામ શુભ કામ દીનયામ યજું ભજું તનમનથી.. આ

સુનંદા ૨૧

જો જો મારા પાકા જોબનની બહાર,
કાયાની ઉછરતી જવાની નહીં કંઇ ખામી,
છે મોહક મુખડાની ખુબી શી અજાની મારા,
કોહીનુર નીરખીને થતા
આ જોબનવતી છેલ છબીલી નાર,
એ તાકે તરાવે નહીં કોઇ ફાવે....જો જો,

શારદાનંદ, વિલીસુ— ૨૨

માની મધુરી મોહક મનહર માર; મદ મારોજી
શર્મ કાંઈ ધારોજી મર્મ શીદ હારોજી—
લટકાળી, લટકાળી, મેં ભાળી, ફન્દાવાળી,

શાને અમથા અથડાવો, બુઢ્ઢી પેલી રમણી રીઝાવો,
છું તનથી ને મનથી ફીદા....મદ મારોજી.
વર મારો છેડાશે છોગાળો ન છેડો ભાઇ ઝાલશો,
યૌવન મોંઘું હાથ ન આવે....એ વર મારો.
નાર અકડાના મદનમુર્તી માની જા થઇ પ્રીયે પ્રેમ દે
જાઓ જાઓ જાઓ
ઓ નો નો નો....મદ મારોજી.

પરમાનંદ, વિલસુ— ૨૩

ચાલો અવળી ચાલ (૨)
જન ભુંડી ચડાવશે ગાળ-
નિર્લજ શણગારો સજી ભાવે ભલો જમાવો તાલ,
કરમ ધરમ તજતાં બેશરમા બની જશો બેહાલ. હાલ-ચાલો.
શરીર સુધાર્યે નહીં સુધરો મન સુધાર્યે માલ
નરનારી લટકે લોભાતાં ચડશે કુડાં આળ આળ-ચાલો.



અંક ત્રીજો.

વારંગનાઓ— ૨૪

પુલ ગુલાબ ગુંથેલ ઝુલા મહીં, ઝુલે મારા રાજવી,
પુરણ પ્યાર ધરી આ વાર ઝુલાવો નાર નમી નમી,
ખીલી રહેલી મંજરી કનક સ્થંભપર રહી.
ગાયે કોકીલા સુંદરી પંચમ સ્વર આલાપ કરી,
છેલ છબીલી આ જુઇની વેલી આ,
જાઈ નવેલી આ છેલ છબીલી..............પુલ.
વસંતની આ બહાર સુખરૂપ હો
પ્યાર હમારા ને આંખોના તારા ને આ.......પુલ.

વિરકાન્ત— ૨૫

કલિયુગ આવ્યોરે, દુનિયામાંથી ઘટી તો દયા,
મોટા મોટા મહાજનરે, લક્ષાપતિ લોભી થયા....કળિયુગ.
ધરતીમાંથી ધર્મ ગયોને, પાપનું વાધ્યું પુર.
પર્જન્ય તો પાંગલા થઇ વરસે, મેઘની થઈ ચક ચુર,
ધરતીએ રસ ચોર્યાં રે વાવ્યા કણુ વણુસી ગયા....કળિયુગ.
પૃથ્વિમાં પાખંડ પુજાએને વિપ્ર કરે વેપાર,
સન્યાસી ધન સાંચવા લાગ્યા, પતિવૃતા નહિ નાર,
સત્યના જડે શોધ્યુ રે, અસત્યના ઓઘ થયા....કળિયુગ.

લક્ષપતિ વાચાને ચૂકે, એ દુઃખ કોને કહેવાય,
કથા તો કુપાત્રની સુહાસે, પ્રશ્ન ગરોડાને પુછાય,
દાસ ધીરો કહે છે રે, જ્ઞાની તે તો અંધ થાય....કળિયુગ.
(ધીરો)

મીનાક્ષી વિરકાન્ત— ૨૬

મુગ્ધ કીધી મોહન મંત્ર મારી, સાનભાન બેઠી વ્હાલા વિસારી
મળી તારા જેવી દેવી નારી, બહુ શ્રેષ્ટ ભાગ્ય રેખાએ મારી
પ્રિયતમ ધુર્ત મદન રસભીના,
સુંદરના શૃંગાર નગીના, નારી વરઘેલી—
(કેલી કરીશું નવેલી)
જંગે હરાવું રસીલા રતીના,
એથી શું ભાગ્ય ભલા હોએ પતીના
નાથ લેજો સેવાને સ્વીકારી...........મુગ્ધ

પરમાનંદ, વિલસુ— ૨૭

છે એ વિચાર મારો જો કરવો સુધારો, તો લોકોમાં નીતિ વધારીને
ધર્મ નીતિથી ખાલી ઘરબારો છે, કાળરૂપ ભ્રષ્ટ ભુંડો સુધારો છે,
તન મન ખપાવી ઓલાવીશ હોળીએ—
યુરોપની લોક હિંદી ખોટી નકલ કરે,
વાંદરાનું નામ પામીને કમઅકલ કરે.
આવા ઢંગોથી શરમીન્દગી આવતી

જો એ રોગ રોળાય, મટિ જાય.
થાશે તબીયત ગુલાબી.........છે એ વિચાર.

સુનંદા વિલસુ—　　　૨૮

નવી બ્યુટી વધુ નખરાવાળી હું ખરી ખુબી આ મુખડાની લાલી
કરી નયને સંધાન, કરૂં ઘાયલ દિલજાન,
લાલ લોભાવું લટકે ચાલી, ગાઉં હોંસે હસીને કવાલી
(સ્વ) રીઝશે કોઇ રખડતો મવ લી, મારૂં જોબનિયું સુંદરબતાવીને
કરૂં દાસ ખાસ વરને હસાવીને, જાયે સદા તે વારી વારી વારી
લ્હાવ લઇયે જોબંન લુટાવીને, સાર ભુત વાત ભવાનીએ ભાખીરે,

**સુનંદા વિલસુ }
શારદાનંદ પરમાનંદ } ૨૯**

જ્યાંના ત્યાં આવ્યા પાછા આે ઘાણીના બેલો;
સુધરી કીધા ગોટાળા, ને વંઠેલા બેલો;
ગંદા રિફોર્મમાં એવા, રાતી કાંડી મેલો;
ચૌટે બુદ્ધિ વેચાવી,
બીજી વેળા પરણાવી,
આબરૂ જાતી બંદાએ બચાવી;
લલના આ લલચાવી,
અજ્ઞાન ટળી,
આંખો ઉઘડી.
આભાર માની પરમેશ્વરનો આનંદ રંગ રેલો....જ્યાંનાત્યાં.

વસુંધરા

અથવા

બેધારી તલવાર

નાટકનાં ગાયનો સમાપ્ત.

જાહેર ખબર.

નીચે જણાવેલા પુસ્તકો શ્રી આર્ય નૈતિક નાટક સમાજને જ્યાં મુકામ હશે ત્યાંથી મળશે. માટે જેઓ [illegible] જોઈતા હોય તેઓએ રોકડી કીંમતથી મંગાવી લેવા. વી. પી. થી મોકલવામાં આવશે નહીં. પોસ્ટપેડ કાગળો રાખવામાં આવશે નહીં.

ચોપડીઓનાં નામ.	રૂ. આ. પા.
૧ વસુમતી અને ભિખારી તલવાર નાટકના ગાયનો (આવૃતી પહેલી)	[illegible]
૨ સરોજની ” ”	૦ — ૨ — ૦
૩ બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર નાટકના ગાયનો (આવૃતી પહેલી)	૦ — ૨ — ૦
૪ પુંડરીક (છપાય છે)	૦ — ૨ — ૦

માલેક.

શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.